## જન્મદિને વધામણી



ચંદુભાઈ ગોગારી
મો. ૯૮૨૫૦ ૩૭૬૪૦



માનવ પરેશભાઈ વાળંદ
મો. ૯૦૯૯૯ ૫૦૦૭૭



આરવસિંગ જે વાઘેલા
મો. ૯૮૭૯૦ ૮૪૬૯૩



યુવરાજ રાજેશભાઈ ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯

# એસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે નોન ફાયર કૂકિંગ એક્ટિવિટી યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળામાં બુધવારે નોન ફાયર કૂકિંગ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ૫ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓએ વિવિધ કેલેરી યુક્ત વાનગીઓ તેમજ દૂધના અને ફળોના પીણાં તૈયાર કરી હાઉસ વાઈસ રજૂ કર્યા હતા.

નોન ફાયર કૂકિંગ એક્ટિવિટી સંદર્ભે બાળકોએ કોલ્ડ કોફી, ઓરેન્જ જ્યુસ, ભેળ, ગુલાબ લસ્સી, ટોપરાના લાડુ, જુદા જુદા સ્વાદના રાયતાઓ, વિવિધ સલાડ, કોલ્ડ કોકો જાતે બનાવ્યા હતા. વિદ્યાર્થી દ્વારા તૈયાર થયેલી વાનગીઓને નિર્ણાયકો દ્વારા ચકાસી હાઉસ વાઈસ નંબર આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ નંબર ઓરેન્જ હાઉસનો , બીજો નંબર રેડ હાઉસ અને ત્રીજો નંબર યેલ્લો હાઉસનો આવ્યો હતો.

# મહિલા કોલેજ ખાતે મહેંદી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

ઉમા આટ્‌ર્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ માટે મહેંદી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨ વિદ્યાર્થીનીઓએ હોંશભેર ભાગ લઈ અને મહેંદીના અદભુત નમુના રજુ કર્યા. પોતાની સખીના હાથ પર એરબિક, પર્શિયન, માનવ આકૃતિ, દુલ્હન, પારંપરિક મહેંદી ખૂબ ચીવટપૂર્વક તથા સ્વચ્છતાપૂર્વક મૂકીને આ સ્પર્ધાને ખૂબ રસાકસી ભરી બનાવી. સ્પર્ધાના અંતે કુલ સાત વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરવામાં આવી. વિજેતા બહેનોમાં પ્રથમ ક્રમે કુ.અમરી સિપાઈ, બીજા ક્રમે કુ. સોનલ પટેલ,ત્રીજા ક્રમે કુ. હુશના ઠાકોર,ચોથા ક્રમે કુ. અફસાના અને કુ.ફરહાદ તથા પાંચમાં ક્રમે કુ.મુસ્કાન અને દિવ્યા રહ્યા. નિર્ણાયકો તરીકે ડૉ.બિંદુ ભટ્ટ તથા ડૉ. પ્રણવ જોષીપુરાએ સેવાઓ આપી. અંતમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ.અમૃતાબેન પટેલે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. કલા – કૌશલ્યધારાના ઈનચાર્જ અધ્યાપક પ્રા.પાયલબેન પંડ્યા નું આયોજન તથા સમિતિના સાથીઓ પ્રા.રાકેશભાઈ, પ્રા.જ્યોતિબેન, પ્રા.પ્રિયંકાબેનના સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦
**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

# આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી ખાતે ઉદ્યોગસાહસિકતા જાગૃતિ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસ, ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય આંત્રપ્રન્યોરશીપ અવેરનેસ કેમ્પ તા. ૨૧થી ૨૩ જુલાઈના રોજ યોજવામાં આવ્યો હતો. ઓકબ્રૂક બિઝનેસ સ્કુલ દ્વારા આયોજિત આ કેમ્પને નેશનલ સાયન્સ એન્ડ ટેકનોલોજી આંત્રપ્રન્યોરશીપ ડેવલપમેન્ટ બોર્ડ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ભારત સરકાર દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

તેમાં આંત્રપ્રન્યોરશીપના અલગ અલગ વિષયો જેવા કે માઈક્રોલેબ એક્ટીવિટીઝ, સર્ચિંગ એન્ડ સિલેકટીંગ બિઝનેસ ઓપરચ્યુનિટી, ફિઝીબીલિટી એન્ડ માર્કેટ એસેસમેન્ટ વગેરેથી માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ માટે આંત્રપ્રન્યોરશીપના નિષ્ણાત સ્પિકર્સ - ચંદ્રમૌલિ પાઠક આંત્રપ્રન્યોરશીપ એક્ષપર્ટ, ડો. ચંદન ચેટર્જી-ડાયરેક્ટર, સેન્ટર ફોર આંત્રપ્રન્યોરશીપ ડેવલપમેન્ટ , પદ્‌મીન બુચ- SME ડેવલપમેન્ટ એક્ષપર્ટ તથા રિદ્ધી અંબાવલે- માર્કેટીંગ એક્ષપર્ટને આમંત્રીત કરવામાં આવેલ હતા.

કેમ્પના પ્રથમ દિવસે શ્રી ચંદ્રમૌલિ પાઠક તથા શ્રી ઋષભભાઈ જૈન, ચેરમેન-વિનસ ×ૃપ ઓફ કોલેજ અને ૧૨૫થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. ચંદ્રમૌલી પાઠકે એન્જીનિયરને આંત્ર×ન્યોર બનવા માટે ની ટીપ્સ આપી હતી. તેની સાથે સોશિયલ અને વુમન આંત્રપ્રનયોરશીપનો ખ્યાલ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વુમન આંત્રપ્રન્યોર સૌથી વધુ ગંભીર તથા સમજદાર માનવામાં આવે છે જેનો ખ્યાલ તેમણે રોજિંદા જીવનના ઘર વપરાશની વસ્તુઓના પૂરવઠાના સં×હની સરખામણી ઈન્વેન્ટરી મેનેજમેન્ટના ઉદાહરણ સાથે કરીને આપ્યો હતો. દરેક શિક્ષક પણ એક આંત્રપ્રન્યોર છે અને તેમને આંત્ર×નયોરશીપની યોગ્ય તાલિમ અને માર્ગદર્શન આપવામાં આવે તો તેઓ તેમના દરેક વિદ્યાર્થીને આંત્રપ્રન્યોર બનાવી શકે છે તેમ શ્રી પાઠકે જણાવ્યું હતું. બીજા દિવસે વિદ્યાર્થીઓને ટીમવર્ક તથા માર્કેટિંગનો ખ્યાલ આપતી વિવિધ એક્ટીવીટી કરાવી હતી જેના ભાગ રુપે વિદ્યાર્થીના દરેક ગૃપને એક સરખી સામગ્રી આપી હતી જેનો ઉપયોગ કરીને ટોલેસ્ટ એન્ડ સ્ટેબલ ઓબ્જેકટ બનાવડાવ્યા હતા.

# પીએચ.ડીમાં ૩૯૬ અને એમફીલમાં ૧૧૧ વિદ્યાર્થીઓ એન્ટ્રન્સ ટેસ્ટમાં સફળ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એમ.ફીલ અને પીએચડીમાં પ્રવેશ માટે લેવામાં આવેલી એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ આજે જાહેર કરી દેવામાં આવ્યુંછે. એમ.ફીલમાં અંદાજે ૨૦૦ બેઠકો માટે ૮૨૮ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૬૭૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૧૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આજ રીતે પીએચડીમાં અંદાજે ૨૫૦ બેઠકો માટે ૧૭૨૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૧૨૧૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આજે જાહેર કરાયેલા પરિણામમાં ૩૯૬ વિદ્યાર્થીઓને પાસ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે ૯૨ વિદ્યાર્થીઓ એવા હતા કે, જેઓએ નેટ-સ્લેટ અથવા તો એમ.ફીલ પાસ કર્યું હોવાથી તેમને એન્ટ્રન્સ ટેસ્ટમાંથી મુકિત આપવામાં આવી હતી.

## શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવેલી

# પૂરક પરીક્ષાનું પરિણામ નબળું

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૬માં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ મંગળવારે જાહેર કરાયુંછે. ધોરણ-૧૦માં માત્ર ૮.૩૮ ટકા વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા હતા. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૩.૯૮ ટકા જેટલું આવ્યું છે. ધોરણ-૧૦માં એક અથવા તો બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાઈ હતી. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓને મંગળવારે જ માર્કશીટ મળી જાય તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માર્ચમાં લેવામાં આવેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ બોર્ડ દ્વારા ૨૪ મેના રોજ જાહેર કરાયું હતું. જેમાં એક વિષયમાં ૯૦૪૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા અને બે વિષયમાં ૪૯૯૨૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આમ, કુલ ૫૮૯૬૪ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે લાયક હતા. જુલાઈમાં લેવાનારી પૂરક પરીક્ષા માટે સ્કૂલો પાસેથી વિદ્યાર્થીઓની સંમતિ મંગાવવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૦ના ૩૫૨૬૦ વિદ્યાર્થીઓએ જુલાઈ-૨૦૧૬ની પરીક્ષા આપવા સંમતિ આપી હતી. આ વિદ્યાર્થીઓની ૮ જુલાઈથી ૧૧ જુલાઈ દરમિયાન પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૩૨૧૦૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન બોર્ડ દ્વારા મંગળવારે જાહેર કરાયેલા ધોરણ-૧૦ની પૂરક પરીક્ષાના પરિણામમાં ૨૬૯૨ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ, ધોરણ-૧૦ની પૂરક પરીક્ષાનું એકંદરે ૮.૩૮ ટકા પરિણામ આવ્યું છે.

જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થી ૧૮૧૫૯ અને વિદ્યાર્થિનીઓ ૮૪૭૨ મળી કુલ ૨૬૬૩૧ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે નોંધાયા હતા. જે પૈકી ૧૧૪૭૮ વિદ્યાર્થીઓ અને ૫૮૬૮ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૧૭૩૪૬ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન મંગળવારે જાહેર કરવામાં આવેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાના પરિણામમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ પૈકી ૨૫૮૭ વિદ્યાર્થીઓ અને ૧૫૭૩ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૪૧૬૦ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. આમ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું એકંદરે પરિણામ ૨૩.૯૮ ટકા જેટલું રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓનું પરિણામ ૨૨.૫૪ ટકા અને વિદ્યાર્થિનીઓનું પરિણામ ૨૬.૮૧ ટકા જેટલું છે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ડિફરન્ટલી એબલ વિદ્યાર્થીઓ માટે ૨૦ ટકા પાસિંગ ધોરણનો લાભ આપવામાં આવે છે. આ લાભ સાથે કુલ ૮૧ વિદ્યાર્થી પાસ થવામાં સફળ રહ્યા છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ પરિણામ ડાંગ-આહવા જિલ્લાનું ૪૩.૮૪ ટકા આવ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ કેન્દ્ર શાસિત પ્રદેશનું ૮.૭૦ ટકા આવ્યું છે. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા દરમિયાન સમગ્ર રાજ્યમાંથી માત્ર બે જ કોપી કેસ નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.


આ વખતનો વિષય છે :

### ‘યાદ દાદા-દાદીની’

# ઓશોના અનેક પ્રવચનોનું સંકલન : ‘સંવેદનાનું સુખ’

આપણને સ્વાદના સુખની ખબર છે, સંપત્તિના સુખની ખબર છે, કામસુખની ખબર છે, સફળતાના સુખની ખબર છે પણ સંવેદનાના સુખની ખબર છે ખરી?

સંવેદના એટલે શું લાગણી? ના. સંવેદના તેથી વિશેષ છે. તમારી આંતરિકતામાં છે. લાગણી માટે અંગ્રેજીમાં શબ્દ છે - ઈમોશન. ઓશો કહે છે, ઈમોશન શબ્દ બન્યો છે મોશન પરથી. મોશનનો અર્થ જ ગતિમાન, હલનચલન, જે સ્થિર નથી પણ સતત ચલાયમાન તે ઈમોશન છે. ઈમોશન સતત બદલાતી લાગણી છે. આ ક્ષણમાં તમે ગુસ્સામાં હો તો ઘડીભર પછી દયામાં. કોઈ ક્ષણોમાં ઉદાસીમાં હો તો કોઈ ક્ષણોમાં ઉલ્લાસમાં. કોઈ ક્ષણોમાં પ્રેમથી ભરેલા હો તો કોઈ ક્ષણોમાં ધિક્કારથી પરંતુ તે બધી બદલાતી લાગણીઓની પાછળ કોઈક છે. જેના નેપથ્યમાં આ બધું પરિવર્તિત થાય છે. જેમ ફૂલના ગુચ્છાને દોરો પકડી રાખે છે. તમારું હોવું છે પરંતુ આપણે આપણાથી દૂર છીએ. જાગૃતતામાં આપણે કેન્દ્રની નજીક આવીએ છીએ અને વિચારો દૂર લઈ જાય છે. અભિવ્યક્તિ તેથી પણ દૂર લઈ જાય છે. જેમ-જેમ તમે કેન્દ્રથી દૂર જાઓ છો તેમ તેમ અસ્તિત્વથી દૂર જાઓ છો. જેમ-જેમ સજાગ બનો છો, કેન્દ્રની નજીક આવો છો અને કેન્દ્રની નજીક સરકવાથી એક લયબદ્ધતા ઊભી થાય છે અને તે લયબદ્ધતાને પ્રાપ્ત કરવી એટલે સંવેદનાનું સુખ.





વિચારોથી, લાગણીઓથી મુક્ત થવું અઘરું છે. કારણ કે વિચારો ઉપરછલ્લા છે જ્યારે લાગણીઓનાં મૂળ ઊંડા છે. વિચારો સાથે તમારું તાદાત્મ્ય થાય છે ત્યારે લાગણીઓ સર્જાય છે. એટલે જ ગુસ્સાથી, પ્રેમથી, લોભથી, મહત્ત્વાકાંક્ષાથી મુક્ત થવું અઘરું છે, તેના સાક્ષી બનવું મુશ્કેલ છે. વિચારો તરતાં વાદળ જેવા છે, તે તમારાથી અલગ છે. તેથી તેના સાક્ષી બનવું સરળ છે. સાક્ષી બનવા માટે ધ્યાન ઉત્તમ છે. ધ્યાનમાં જશો તો તમને સાક્ષી બનવાની કળા આવડી જશે અને તે પછી વિચારો અને લાગણીઓ બંને છૂટી જશે અને તમે અસ્તિત્વને અનુભવી શકશો. સંવેદનાનું સુખ માણી શકશો.

સંવેદનાનું સુખ પુસ્તક ઓશોના અનેક પ્રવચનોનું સંકલન છે. વ્યક્તિની અનેક લાગણીઓ અને તેની સમસ્યાઓને ઓશોએ વાચા આપી છે. લાગણીઓને પરિવર્તિત કરીને તેનાથી મુક્ત થવાની કળા શીખવી છે. પુસ્તકના અંતમાં રૂપાંતરણ માટેની ધ્યાનવિધિનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

# ગુજરાતની સિદ્ધિઓનો ચિતાર નવી પુસ્તિકાઓમાં

આપણે ગુજરાતીઓ જેના માટે ગૌરવ લઈ શકીએ તેવાં અનેક આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ઔદ્યોગિક ક્ષેત્રોના સર્વાંગી વિકાસથી રાજ્યની પ્રજાને જે લાભો પ્રાપ્ત થઈ રહ્યા છે તેની વાત આલેખતી નવ જેટલી પુસ્તિકાઓ માહિતી અને પ્રસારણ વિભાગ તરફથી પ્રગટ કરવામાં આવી છે, જેમાં ગુજરાતના સર્વાંગી વિકાસના બે વર્ષના ચિતારને પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જેની પરિકલ્પના અમેય ઈન્સપાયરીંગ બૂક્સ અને ડિઝાઈન એેમ કમ્યુનિકેશન દ્વારા કરવામાં આવ્યું છે. એકદમ સ્વચ્છ, સુઘડ અને આકર્ષક લાગે તેવા પ્રિન્ટિંગ અને નયનરમ્ય તસવીરોથી સુશોભિત આ પ્રકાશન ગતિશીલ ગુજરાત સરકારની જનવિકાસની વિવિધ યોજનાઓનો અસરકારક વહીવટી અમલ કરી તેનાં જે પરિણામો પ્રાપ્ત થયાં છે તેનો ચિતાર રજૂ કરે છે.

યુવા સ્વાવલંબન દ્વારા યુવાનોના જીવનમાં પરિવર્તન માટે ઉચ્ચ શિક્ષણથી માંડીને રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સ્ટાર્ટ-અપ એકમોમાં અમર્યાદિત તકો ઊભી થઈ છે તેમાં હકારાત્મક અને ગતિવાન માહોલનું સર્જન કરી યુવાનોની આકાંક્ષાઓને ખીલવી શકાય તે માટે રાજ્યનાં યુવાનો માટે વિશેષ તકના દરવાજા ખૂલ્યા છે તેની વાત અનહદ ગુજરાતમાં યુવા ઊર્જાનો સંચાર, ઊર્જાના સ્ત્રોત અને નવિન વિચારો-નવિન ઊર્જાની વાત આ પુસ્તકોમાં રજૂ કરવામાં આવી છે.

માત્ર ખાનગી વિતરણ હેતુથી પ્રગટ કરવામાં આવેલી આ નવ પુસ્તિકાઓ જાહેરહિતકારી યોજનાઓના અમલીકરણ દ્વારા સર્વાંગી વિકાસની વાત સુપેરે રજૂ કરે છે.

- નવટર હેડાઉ

